તાપમાન
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬ | ૨૮ માર્ચ, ૨૦૧૬, સોમવાર ; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અંતે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન

## રાજ્યપાલના અહેવાલ બાદ કેન્દ્રની ભલામણ પછી નિર્ણય : સરકાર બનાવવા અને ચૂંટણીમાં જવાના બંને વિકલ્પ ખુલ્લા હોવાની કૈલાશ વિજય વર્ગીયની જાહેરાત : બહુમતિ પુરવાર કરે તેના એક દિવસ પૂર્વે નિર્ણય

નવીદિલ્હી,તા. ૨૭

ઉત્તરાખંડમાં ભારે રાજકીય ઘટનાક્રમનો દોર ચાલ્યા બાદ આખરે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરી દેવાતા અટકળોનો અંત આવ્યો છે. રાજ્યપાલના અહેવાલના આધાર પર કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી હતી જેના પર રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ મંજુરીની મહોર મારી દીધી હતી. રાજ્ય વિધાનસભાને હાલમાં ભંગ કરવામાં આવી નથી પરંતુ તેને સુશુપ્ત અવસ્થામાં રાખવામાં આવી છે. હરિશ રાવત સરકારને પદભ્રષ્ટ કરીને રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાનો નિર્ણય કરાયો છે. કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આ હિલચાલ અંગે ખુલાસો કરતા કહ્યું છે કે, ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય એક ટેક્સ્ટ બુક છે. રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે આનાથી વધારે સારો દાખલો હોઈ શકે નહીં. છેલ્લા નવ દિવસથી બંધારણની વ્યવસ્થા ઉત્તરાખંડમાં ભાંગી પડી હતી.



જેટલીએ રાજ્ય વિધાનસભામાં મૌખિક મતથી પસાર કરવામાં આવેલા એપ્રોપ્રિએશન બિલનો ઉલ્લેખ કર્યો હતો જે દરમિયાન ઘણા ધારાસભ્યો ડિવિઝનની માંગ કરી રહ્યા હતા. સ્પીકર પોતે કહી ચુક્યા હતા કે, ડિવિઝનની માંગ કરાઈ છે. જેટલીએ ઉમેર્યું હતું કે, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એક બિલ એવું પસાર કરવામાં આવ્યું હતું જેને હાર મળી હતી. અગાઉ રાજ્યપાલે રાવતને વિધાનસભામાં બહુમતિ સાબિત કરવા ૨૮મી માર્ચ સુધીની મહેતલ આપી હતી. રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યા બાદ ભાજપને સરકાર બનાવવા અને ચૂંટણીમાં જવાના મુદ્દા પર પુછવામાં આવતા પાર્ટીએ કહ્યું હતું કે, બંને વિકલ્પો ખુલ્લા છે.

ભાજપ મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયે કહ્યું હતું કે, જો રાજ્યપાલ તેમને સરકાર બનાવવા કહેશે તો સરકાર બનાવશે. તેઓ ચૂંટણીમાં જવા માટે પણ તૈયાર છે. તેમણે દાવો કર્યો હતો કે, ભાજપની પાસે ૩૬ ધારાસભ્યો છે. રાષ્ટ્રપતિ શાસન એવા સમયે લાગૂ કરાયું છે જ્યારે ૨૮મી માર્ચ સુધીની મહેતલ અપાઈ હતી. ઉત્તરાખંડમાં રાજકીય સંકટ એ વખતે સર્જાઈ ગયું હતું જ્યારે વિજય બહુગુણાના નેતૃત્વમાં કોંગ્રેસના ૯ ધારાસભ્યોએ બળવો કર્યો હતો અને ભાજપની સાથે હાથ મિલાવ્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આજે સવારે બંધારણની કલમ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાદવા સાથે સંબંધિત દરખાસ્ત પર હસ્તાક્ષર કરી દીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શનિવારે મોડીરાત્રે કેન્દ્રીય કેબિનેટની તાકિદની બેઠક યોજાઈ હતી જેમાં ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણ કરાઈ હતી. કેબિનેટની બેઠક બાદ નાણામંત્રી જેટલીએ શનિવારે મોડી રાત્રે રાષ્ટ્રપતિને માહિતી આપી હતી.

# ભારતની ફુટબોલ રેંકિંગને સુધારવાની જરૂર : મોદી

## ફુટબોલ રમત લોકપ્રિય થાય તે દિશામાં પહેલ કરવાની જરૂર : મનકી બાતમાં ખ્રિસ્તી સમુદાય અને ભારતીય ક્રિકેટ ટીમને મોદીએ શુભેચ્છા પાઠવી



નવીદિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રેડિયો પર મન કી બાત કાર્યક્રમમાં ભારતની ફૂટબોલ રેંકિંગ પર દુખ વ્યક્ત કરીને યુવાનો પાસેથી સલાહ સૂચનો પણ માંગ્યા હતા. ફુટબોલના મહત્વના વિષય ઉપર મોદીએ વાત કરી હતી. સાથે સાથે ખ્રિસ્તી સમુદાયના લોકોને ઈસ્ટરની શુભેચ્છા પાઠવી હતી. મોદીએ આજના કાર્યક્રમમાં રમતના મુદ્દાને મહત્વ સાથે ઉઠાવ્યો હતો. ખાસ ધ્યાન ફૂટબોલ ઉપર રહ્યું હતું. મન કી બાતના ૧૮માં એપિસોડમાં મોદીએ સૌથી પહેલા ખ્રિસ્તી સમુદાયના લોકોને ઈસ્ટરની શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચ તથા વિદ્યાર્થીઓની પરીક્ષાના મુદ્દે વાત કરી હતી. એકબાજુ પરીક્ષા અને બીજી બાજુ ટ્વેન્ટી ૨૦ વર્લ્ડકપ હોવાથી બંનેને શુભકામના મોદીએ આપી હતી. મોદીએ કહ્યું હતું કે, ભારતે બે મેચોમાં જોરદાર દેખાવ કર્યો હતો. ફુટબોલનો મુદ્દો ઉઠાવતા તેમણે કહ્યું હતું કે, આ સમયે રમતોમાં ક્રાંતિનો દોર છે. ફુટબોલ તરફ પણ ક્રેઝ વધી રહ્યો છે. ફુટબોલની રમતને દરેક ગામમાં પહોંચાડવાની જરૂર ઉભી થઈ છે. ફીફામાં અમારી રેંકિંગ ખુબ નીચે પહોંચી ગઈ છે પરંતુ આજે ભારતીય યુવાઓ વચ્ચે ફુટબોલની લોકપ્રિયતા વધી રહી છે. વર્ષ ૨૦૧૭માં ફીફા અન્ડર ૧૭ વર્લ્ડકપનું આયોજન ભારતમાં થઈ રહ્યું છે. આ ખુબ મોટી સિદ્ધિ સમાન રહેશે. યુવાનો આમા આગળ આવે તે ખુબ મહત્વની બાબત છે. કઈરીતે લોકોને તૈયાર કરવામાં આવે, કયા સ્લોગન હોય, કેવા ગીત બનાવવામાં આળે તે જરૂરી છે. મોદીએ ખેડૂતોને અપીલ કરતા કહ્યું હતું કે, તેમની સુવિધા માટે કિસાન સુવિધા એપની શરૂઆત કરાઈ છે. તેમને આનો લાભ ઉઠાવવો જોઈએ.

# પઠાણકોટ હુમલાની તપાસ માટે પાક ટીમ પહોંચી

## મંગળવારના દિવસે પઠાણકોટ જશે : પાંચ સભ્યોની ટીમ આજે એનઆઈએના હેડક્વાર્ટર ખાતે વાતચીતમાં વ્યસ્ત હશે

નવીદિલ્હી,તા. ૨૭

પઠાણકોટ ત્રાસવાદી હુમલાના મામલે તપાસ કરવાના ઈરાદા સાથે પાકિસ્તાનની સંયુક્ત ટીમ આજે સવારે નવી દિલ્હી આવી પહોંચી હતી. પઠાણકોટ ત્રાસવાદી હુમલાના મામલે તેની તપાસ પૂર્ણ કરવા માટે ભારતે લીલીઝંડી આપ્યા બાદ પાકિસ્તાનની ટીમ પહોંચી છે. ઈસ્લામાબાદ દ્વારા ભારતના લેટર રોગેટરીનો જવાબ આપવામાં આવ્યો ન હોવા છતાં ભારતે પાકિસ્તાની તપાસ ટીમને મંજુરી આપી દીધી છે. ટીમમાં આઈએસઆઈના એક અધિકારી છે. આ ટીમ મંગળવારે પઠાણકોટ જશે અને હુમલા સ્થળની ચકાસણી કરશે. સાથે સાથે સાક્ષીઓ સાથે વાતચીત કરશે. પાંચ સભ્યોની ટીમનુ નેતૃત્વ પંજાબના કાઉન્ટર ટેરેરિઝમ ડિપાર્ટમેન્ટ (સીટીડી)મોહમ્મદ તાહિર રાય કરી રહ્યા છે. પાંચ સભ્યોની ટીમને પઠાણકોટ એરફોર્સ બેઝમાં સંપૂર્ણ ચકાસણીની મંજુરી મળી નથી. પરંતુ એજ વિસ્તારમાં ચકાસણી કરશે જ્યાં જેશના ત્રાસવાદીઓએ સુરક્ષા દળો સાથે ૮૦ કલાક સુધી ખરાખરીનો જંગ ખેલ્યો હતો. ૨૯મી માર્ચના દિવસે ખાસ વિમાનથી ટીમ એરબેઝ ખાતે લવાશે. કોઈ પણ ક્રિટીકલ વિસ્તારમાં જતા રોકવા માટે એનઆઈએ દ્વારા બેરિકેડ મુકવામાં આવનાર છે. ટીમ આવતીકાલે એનઆઈએની સાથે વાતચીતમાં વ્યસ્ત રહેશે.

● અનુસંધાન પાન-૭ પર



ઈસ્ટર સન્ડે - ખ્રિસ્તી સમુદાય દ્વારા ઈસ્ટર સન્ડે નિમિત્તે પ્રાર્થના સભાઓ યોજાઈ હતી... સેન્ટ ઝેવિયર્સ કેમ્પસમાં સર્વધર્મ સમભાવ અભિવ્યક્ત કરી પરસ્પર અભિવાદન કર્યું હતું...

# ગુજરાતમાં ભાજપ પુનઃ સત્તામાં આવશે : અમિત શાહ

## ભાજપ કિસાન મહારેલીમાં કોંગ્રેસ પર પ્રહારો : ઉંમરગામથી અંબાજી સુધી કુલ ૧૭૦ ચેકડેમ બનાવવાની ખાતરી

સુરત, તા.૨૭

સુરતના કડોદરા ખાતે આજે વિરાટ કિસાન મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને પ્રદેશ અધ્યક્ષ વિજય રુપાણી ઉપસ્થિત રહ્યા હતા. અમિત શાહે સંબોધનમાં કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, રાહુલે દાદી ઈન્દિરા ગાંધીની વાત સાંભળી ન હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સુરતમાં યોજાયેલી કિસાન રેલીમાં રાહુલ ગાંધી પર નિશાનો સાધતા જણાવ્યું હતું કે, તમે કહો છો તો સ્વીકારી લઈએ છીએ કે વીર સાવરકર જેવા દેશભક્ત અમારા છે. તમે તમારા દાદીની વાત સાંભળી નથી એટલા માટે આવું કહો છે. ઈન્દિરાજીએ સાવરકરના ટ્રસ્ટ માટે તે સમયે ૧૧૦૦૦નું દાન કર્યું હતું. વધુમાં રાહુલ ગાંધી પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જેએનયુમાં દેશ વિરોધી નારા લગાવનારાને સાથ આપે છે અને અમને કહે છે કે વીર સાવરકર તમારા છે. વીર સાવરકર જો ભાજપના હોય તો અમને એ વાતનું ગૌરવ છે.

સુરત જિલ્લાના કડોદરા ચાર રસ્તે યોજાયેલી રેલીમાં અમિત શાહે ૨૦૧૭માં ગુજરાતમાં ભાજપ ફરી જીતશે એવો હૂંકાર કર્યો હતો. પીએમ નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આ વર્ષના નાણાંકીય બજેટમાં ખેડૂતલક્ષી જોગવાઈઓની હારમાળા રજૂ કરી હતી. સાથે જ આનંદીબેન પટેલે જાહેરાત કરી હતી કે, ઉમરગામથી અંબાજી સુધી ૧૭૦ ચેકડેમ બનાવીશું.

# હાફૂસ કેરીનું આગમન

## વીસ કીલોના ૩,૦૦૦થી ૬,૦૦૦



અમદાવાદ,તા.૨૭

આ વર્ષના ઉનાળાની ગરમીની શરૂઆત થઈ ચૂકી છે,આ સાથે જ કેરીના રસીયાઓ માટે સારા સમાચાર એ છે કે,બજારમાં હાફૂસ કેરીનું આગમન થઈ ગયું છે.જો કે હાલ તેના ભાવ ઉંચા આસમાન પર એટલે કે વીસ કીલોની પેટીના ભાવ રૂપિયા ૩,૦૦૦થી ૬,૦૦૦ની આસપાસ ચાલી રહ્યા છે.જો કે આ ભાવો હજુ પણ ઉતરવાની પુરેપુરી સંભાવના હોવાનો નિષ્ણાતો માની રહ્યા છે.સાથે જ કેસર કેરીને હજુ આવતા સમય લાગશે એમ પણ સૂત્રોનું કહેવું છે.આ અંગે મળતી માહિતી મુજબ,ઉનાળાની ગરમીની શરૂઆતની સાથે જ બજારમાં ફળોનો રાજા જેને કહેવામાં આવે છે તેવી કેરીનું આગમન થઈ ગયું છે.હાલ વિવિધ બજારમાં રત્નાગીરીથી આવતી હાફૂસ કેરી વેચાતી જોવા મળી રહી છે.આ કેરી હાલની પરિસ્થિતિમાં વીસ કીલોની પેટીમાં રૂપિયા ૩,૦૦૦થી ૬,૦૦૦ના ભાવથી મળી રહી છે.બજારના સૂત્રોમાંથી મળતી માહીતી મુજબ,હજુ આવનારા સમયમાં બજારમાં વિવિધ જાતોની કેરીની આવક થવા લાગશે જેને પગલે કેરીના ભાવમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે.કાચી કેરી હાલ રૂપિયા ૧૫૦ થી ૨૦૦ કીલોના ભાવથી મળી રહી છે.

# ગુજરાતમાં સોનિયા-રાહુલની રેલીઓ

અમદાવાદ, તા.૨૭

લાંબા ગાળા બાદ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી મેના બીજા સપ્તાહમાં ગુજરાતની મુલાકાત લેનાર છે અને કોંગ્રેસની બે પ્રચંડ રેલીનું નેતૃત્વ પણ કરનાર છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિના પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધીની ગુજરાત યાત્રાને લઈને તમામ તૈયારીઓ કોંગ્રેસના કાર્યકરો કરી રહ્યા છે.

ગુજરાત કોંગ્રેસ પાર્ટીના રાજ્ય એકમના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, બંને નેતાઓ મે મહિનામાં રેલી યોજવા માટે સહમત થઈ ચુક્યા છે. સોનિયા ગાંધી પોતાની રેલી દરમિયાન આદિવાસીઓની દુર્દશા પર પ્રકાશ ફેંકશે જ્યારે રાહુલ ગાંધી સૌરાષ્ટ્રમાં ખેડૂત દ્વારા આયોજિત મોટી રેલીમાં ભાગ લેશે. કોંગ્રેસ પાર્ટી રાજ્યમાં ભાજપ સરકારની નિષ્ફળતાને પ્રકાશમાં લાવવા પ્રયાસ કરશે. પ્રાપ્ત માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન રાજ્ય ગુજરાતમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ જોરદાર રેલી કરવાનો નિર્ણય કર્યો છે.




